# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-04-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

---

- લોકસભાની 12 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની 88 બેઠકોની આગામી 26મી એપ્રિલે યોજાનારી ચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારી પત્રોની ચકાસણી આવતીકાલે થશે.
- રાજયમાં લોકસભાની 26 બેઠકોની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણીના સંદર્ભે વિવિધ સ્થળોએ મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.
- ચૂંટણીપંચે સોશિયલ મિડિયા પર મૂકાતાં ચૂંટણી અંગેના વિવિધ સમાચારોની સત્યતા ચકાસવા અને ચૂંટણીપંચની વેબસાઇટના આધારે સત્ય માહીતી મેળવવા લોકોને અનુરોધ કર્યો છે.
- પૂર્વ કચ્છ પોલીસના ખાસ દળે ભચાઉ ગાંધીધામ હાઇવે પરથી હેરોઇનના જથ્થા સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે.
- IPL ક્રિકેટમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે ગુજરાત ટાઇટન્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે થશે. આ મેચ સાંજે 7:30 વાગ્યથી શરૂ થશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## second phase

લોકસભાની 12 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની 88 બેઠકોની આગામી 26મી એપ્રિલે યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાનો આજે છેલ્લો દિવસ હતો, આવતીકાલે તેમની ચકાસણી થશે.

જોકે જમ્મુ અને કાશ્મીરની બેઠક માટેના ઉમેદવારીપત્રોની ચકાસણી છઠ્ઠી એપ્રિલે હાથ ધરાશે. 26મી એપ્રિલે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણીમાં કેરળની લોકસભાની 22, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની દરેકની આઠ આઠ, મધ્યપ્રદેશની સાત, આસામ અને બિહારની દરેકની પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમા 3-3 જ્યારે મણિપુર, ત્રિપુરા અને જમ્મુ કાશ્મીરની દરેકની એક બેઠકની ચૂંટણી યોજાશે. મતગણતરી આગામી ચોથી જૂને હાથ ધરાશે.

## voting awareness-1

રાજયમાં લોકસભાની 26 બેઠકોની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણીના સંદર્ભે વિવિધ સ્થળોએ મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠ ખાતે 'મતદાન જાગૃતિ' અંગેનો કાર્યક્રમ યોજાઇ ગયો. જેમાં વિદ્યાર્થીઓને પ્રેઝન્ટેશન દ્વારા ચૂંટણી અને મતદાનનું મહત્વ જેવી બાબતોની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. વધુમાં યુવાનોને ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલ તમામ વ્યવસ્થાઓ, હેલ્પલાઇન નંબર, સક્ષમ એપ્લિકેશન વિશે પણ માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રથમવાર મતદાન કરનાર સૌ યુવાનોએ મતદાનના શપથ લીધા હતા.

અમદાવાદમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કેમ્પસ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાઇ ગયો. આ પ્રસંગે ડો.યોગેશ પારેખે ઉપસ્થિત યુવા મતદારો

સમક્ષ પ્રેઝન્ટેશન રજૂ કરીને ચૂંટણી તથા મતદાન અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અને ચૂંટણીતંત્ર વચ્ચે સમજૂતીકરાર પણ કરવામાં આવ્યા હતા. કાર્યકારી કુલપતિ ડો.પંકજરાય પટેલે લોકશાહીનાં મહાપર્વમાં એક જાગૃત નાગરિક તરીકે મતદાન કરીને સક્રિય રીતે સામેલ થવા યુવાનોને આહ્વાન કર્યું હતું.

કચ્છ જીલ્લામાં સ્વીપ કાર્યક્રમ અંતર્ગત આદિપુર ખાતે જિલ્લા ચૂંટણી કચેરી દ્વારા બનાવવામાં આવેલા સેલ્ફી પોઇન્ટના માધ્યમથી મતદાન જાગૃતિ અંગે પ્રવૃતિઓ યોજવામાં આવી હતી.

લીલાશા મંદિર ખાતે આયોજીત કાર્યક્રમમાં સેલ્ફી પોઇન્ટના માધ્યમથી "**હું મતદાન અવશ્ય કરીશ**" એવો સંકલ્પ મતદારોએ દર્શાવ્યો હતો. આ ઉપરાંત અબડાસા તાલુકાના વરાડીયા ગામમાં મતદાન જાગૃતિ અંતર્ગત દિવ્યાંગ મતદાર અને વરિષ્ઠ મતદારની બી.એલ.ઓ.એ મુલાકાત લઇને મતદાનનુ મહત્વ સમજાવવામાં આવ્યુ હતું. જયારે નાની ખાખરના વિદ્યાર્થીઓ દ્વારા મહેંદીના માધ્યમથી મતદાન જાગૃતિનો સંદેશ નાગરિકો સુધી પહોંચાડ્યો હતો.

અરવલ્લી જીલ્લામાં પણ મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત જીલ્લા ચૂંટણી અધિકારી પ્રશસ્તિ પારીક અને અન્ય સભ્યોએ મેધરજ ખાતે મતદારોને મળીને મતદાનનું મહત્વ સમજાવ્યું હતું અને મતદાનના સંકલ્પ દર્શાવતી સહી ઝુંબેશ પણ હાથ ધરાઇ હતી.

બોટાદ જિલ્લાના અમારા પ્રતિનિધિ પ્રકાશ ભીમાણી જણાવે છે કે, જિલ્લા ચૂંટણી અધિકારી ડૉ.જીન્સી રોયના માર્ગદર્શનમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. જેમા રાણપુર તાલુકાના બરાણીયા માધ્યમીક શાળામાં રંગોળી સ્પર્ધા યોજાઇ હતી. જેમાં વિદ્યાર્થીઓએ રંગોળીના માધ્યમથી લોકોને મતદાનના મહત્વનો સંદેશ આપ્યો હતો.

મહેસાણા જીલ્લાના પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે, જીલ્લાના વિસનગર ખાતે આઇટીઆઇના તાલીમાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ અંતર્ગત સાયકલ રેલી યોજાઇ હતી.

પંચમહાલથી અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહીત જણાવે છે કે, જિલ્લા ચૂંટણી અધિકારી આશિષકુમારે ચૂંટણીની તૈયારીઓને લઇને નોડલ અધિકારી સાથે બેઠક યોજી હતી.

અમારા ગીરસોમનાથના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે, જીલ્લા ચૂંટણી અધિકારીઓ વિવિધ ગામોના સંવેદનશીલ મતદાન મથકો ધરાવતા ગામોની મુલાકાત લઇ નિર્ભયતાપૂર્વક મતદાન કરવા અનુરોધ કર્યો હતો.

## vadodara -divyang -sport

વડોદરા જિલ્લા ચૂંટણી અધિકારી બીજલ શાહના માર્ગદર્શન હેઠળ સ્વીપ એક્ટીવીટી અન્વયે દિવ્યાંગ વ્યક્તિઓની સહભાગીતા વધે તે હેતુથી દિવ્યાંગ રમતોત્સવ સમાજ સુરક્ષા સંકુલ, વડોદરા ખાતે યોજાઇ ગયો.

વડોદરાની સોસાયટી ફોર ધ ફિઝિકલી હેન્ડીકેપ્ડ, સમાજ સુરક્ષા સંકુલ, જી.ડી.પટેલ બધીર માધ્યમિક વિદ્યાલય, લાયન્સ બ્લાઈન્ડ કન્યા વિદ્યાલય જેવી વિવિધ સંસ્થાની દિવ્યાંગ વ્યક્તિઓએ વોલીબોલ, ક્રિકેટ, જેવી વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. તેમણે વડોદરા જિલ્લાના અન્ય દિવ્યાંગો તેમજ અન્ય મતદાતાઓને મતદાન કરવાની અપીલ કરી હતી. આ રમતોત્સવના તમામ યુવા દિવ્યાંગ રમતવીરોને પ્રમાણપત્ર આપી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## Election meeting

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અમરેલી જિલ્લાના માર્કેટિંગ યાર્ડ ખાતે યોજાએલી બેઠકમાં પક્ષના કાર્યકરો હોદેદારો સાથે સંવાદ કર્યો છે.

અમારા અમરેલી જિલ્લાના પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે આ બેઠકમાં રાજય અને કેન્દ્ર સરકારની વિકાસ કામગીરીની ચર્ચા ઉપરાંત ચૂંટણી લક્ષી માહીતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ECI- FAKE MESSAGE

ચૂંટણી પંચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપ પર મૂકવામાં આવેલા સરકારી કર્મચારીઓના મતદાન અંગેના સંદેશાને અસત્ય ગણાવ્યો છે. આ સંદેશામાં સરકારી કર્મચારીઓ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરી શકતા નથી. એવી વિગતો આપવામાં આવી છે. ચૂંટણીપંચે સ્પષ્ટતા કરી છે કે, ચૂંટણી ફરજ બજાવતા અને પાત્રતા ધરાવતા અધિકારીઓ નિર્ધારિત મતદાન સુવિધા કેન્દ્રો પરથી પોસ્ટલ બેલેટ વડે મતદાન કરી શકે છે. ચૂંટણીપંચે લોકોને આ પ્રકારની ગેરમાર્ગે દોરનાર સંદેશાઓથી સાવચેત રહેવા જણાવ્યું છે અને અધિકૃત માહિતી માટે નાગરિકોને ચૂંટણીપંચની સત્તાવાર વેબસાઇટની મુલાકાત લેવાનો નિર્દેશ આપ્યો છે.

## Drugs Kutch

પૂર્વ કચ્છ પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે ભચાઉ ગાંધીધામ હાઇવે પરથી 64.20 ગ્રામના હેરોઇનના જથ્થા સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે. જપ્ત કરવામાં આવેલા હેરોઇનની કિંમત આશરે 32 લાખ રૂપિયા છે.

અમારા ભૂજના પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, ગાંધીધામ બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતેના એનડીપીસી એક્ટ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## MORBI PRAKRUTIK KHETI

મોરબીના સજનપર ગામમાં, ગૌશાળા અને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવવા ગોપાલન તાલીમ શિબિર યોજાઈ હતી. ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને ભવિષ્યની પેઢીનું સ્વાસ્થય સુધરે એ હેતુથી શિબિરનું આયોજન કરવામાં આવ્યું

હતું. આ શિબિરમાં 125થી વધુ લોકોએ ભાગ લીધો હતો. ગોપાલન સમિતિના અગ્રણી જીલેશભાઈ કાલરીયાએ શિબિર વિશે વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું.

(બાઈટ - જીલેશભાઈ કાલરીયા, ગોપાલન સમિતિ અગ્રણી)

## IPL-Ahmedabad

IPL ક્રિકેટમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે ગુજરાત ટાઇટન્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે થશે. આ મેચ સાંજે 7:30 વાગ્યથી શરૂ થશે.

ગઈકાલે વિશાખાપટ્ટનમના YS રાજશેખર રેડ્ડી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે કોલકાતા નાઈટ રાઈડર્સે દિલ્હી કેપિટલ્સને 106 રનથી હરાવ્યું હતું. 273 રનના નિર્ધારિત લક્ષ્યાંક ની સામે દિલ્હી કેપિટલ્સ 17.2 ઓવરમાં 166 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કરતા, કોલકાતા નાઈટ રાઈડર્સે 20 ઓવરમાં સાત વિકેટે 272 રન બનાવ્યા હતા.

## Weather

રાજયમાં મોટાભાગના સ્થળોએ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં એકથી ત્રણ ડીગ્રી ઓછું જયારે લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં એક થી ચાર ડીગ્રી વધુ નોંધાયું છે. સૌથી વધુ 39 ડીગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન રાજકોટમાં નોંધાયું. આ ઉપરાંત અમરેલી, કંડલા એરપોર્ટ, સુરેન્દ્રનગર, મહુવા અને અમદાવાદમાં 38 ડીગ્રી, ભૂજ, ભાવનગર, વલ્લભવિદ્યાનગર, વડોદરા અને સુરતમાં 37, જયારે ડીસા અને વલસાડમાં 36 ડીગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન નોંધાયું છે.

નલિયામાં લઘુત્તમ તાપમાન 24 ડીગ્રી નોંધાયું જે સામાન્ય કરતાં 4 ડીગ્રી વધુ હતું, આ ઉપરાંત અમદાવાદ, ડીસા, ગાંધીનગર, અને વડોદરામાં સામાન્ય કરતાં 3 ડીગ્રી વધુ લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

અમારા ભૂજના પ્રતિનિધિ હેમાંગ પટની જણાવે છે કે, પશ્ચિમી વિક્ષોભની અસર તળે પશ્ચિમ કચ્છના વાતવરણમાં આજે સવારથી પલટો જોવા મળ્યો છે. સવારથી જ ઘણી જગ્યાએ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. અને ભૂજ સહિત કેટલાંક વિસ્તારોમાં હળવો વરસાદ નોંધાયો હતો.

## Train change

અમદાવાદ રેલવે સ્ટેશને પુનઃવિકાસની કામગીરી ચાલી રહી હોવાથી અમદાવાદથી ઉત્તરભારત તરફની કેટલીક ટ્રેનો તબક્કાવાર હવે સાબરમતી અને ગાંધીનગર રેલવેસ્ટેશનેથી આવાગમન કરશે.

ગત 28મી માર્ચથી આજ દિન સુધીમાં અમદાવાદ-વારાણસી એકસપ્રેસ, અમદાવાદ-ગોરખપુર અઠવાડિક એકસપ્રેસ, વૈષ્ણોદેવી કટરાથી અમદાવાદ સુધીની અઠવાડિક એકસપ્રેસ અને અમદાવાદ સુલતાનપુર અઠવાડિક એકસપ્રેસનું આવાગમન કાલુપુરના બદલે સાબરમતીથી શરૂ થયું છે.

નવી દીલ્હી અમદાવાદ સુવર્ણજયંતિ રાજધાની એકસપ્રેસ આગામી છઠ્ઠી એપ્રિલથી સાબરમતીથી ચલાવાશે.

આ ઉપરાંત અમદાવાદ-વેરાવળ સુપરફાસ્ટ એકસપ્રેસ અને અમદાવાદ-જમ્મુતાવી એકસપ્રેસ કાળુપુરના બદલે હવેથી ગાંધીનગરથી ઉપડશે.